ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૮-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### નોખી ભાતની પંદરમી ઓગસ્ટ

આ વખતનો સ્વાતંત્ર્ય દિવસ એ છેલ્લા વર્ષો દરમિયાન રૂઢ બની ગયેલી વધુ એક પંદરમી ઓગસ્ટ નથી. આઝાદીનાં સડસઠ વર્ષ પછીના આ સ્વાતંત્ર્ય દિનની ભારતના ઈતિહાસમાં અને ગુજરાતના ઈતિહાસમાં પણ જુદી રીતે નોંધ લેવાશે. ભારત પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ લાલ કિલ્લા પરથી પહેલી વાર ત્રિરંગો ફરકાવ્યો હશે ત્યારે એ પણ મનથી તો મૂંઝાતા હશે. આઝાદીનું સુવાંગ શ્રેય જેને ફાળે ગયું હતું તે મહાત્મા ગાંધીએ હાથ ઊંચા કરીને કહી દીધું હતું કે મને કોઈ સાંભળતું નથી. મહાભારતના વેદવ્યાસની જેમ એમની નજરમાં શૂન્યતા હતી અને હૈયે ઉદ્વેગ. દેશના ભાગલા થયા હતા. બેઉ કોમો એકબીજાનો વિશ્વાસ ગુમાવી બેઠી હતી. લોહીની નદીઓ વહેવડાવવાની શરતે આઝાદી મળવાની હોય તો ગાંધી જેવા અહિંસાના અવતારને એ કદાપિ મંજૂર ન હોત. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ગાંધી દિલ્હી ખાતે હાજર નહોતા. એ તો ભડકે બળી રહેલા બંગાળની આગ ઠારવા કોલકાત્તા અને નોઆખલીની ગલીઓ ખૂંદી રહ્યા હતા. પંડિત નહેરુનો આત્મા બીજા એક મુદ્દે પણ ડંખી રહ્યો હશે. તત્કાલીન કોંગ્રેસની બહુમતી સરદાર પટેલના પક્ષે હોવા છતાં બાપુએ એમનો વિશેષાધિકાર વાપરી એ વધુ લાયક નેતાને અન્યાય કર્યો હતો. તે સમયે ભાગ્યે જ કોઈને કલ્પના સુધ્ધાં હશે કે એક દિવસે એ જ સરદારનું નામ નહેરુવંશની સત્તા ઉખાડી ફેંકવા માટે અમોઘ શસ્ત્રની ગરજ સારશે અને એક અદનો ગુજરાતી લાલ કિલ્લા પર છાતી કાઢીને ત્રિરંગો ફરકાવશે! વર્ષો પછી સરદાર પટેલના માર્ગે ચાલનારા મોરારજી દેસાઈને લાલ કિલ્લા પરથી પહેલી બિનકોંગ્રેસી સરકારના વડા તરીકે ધ્વજ વંદન કરાવવાની તક સાંપડી હતી. થાગડથીગડ કામચલાઉ સમાધાનો દ્વારા મેળવાયેલી સત્તા લાંબી ચાલી નહીં અને ફરી એકવાર પ્રજાએ દેશની ધુરા ઈન્દિરા ગાંધીને સોંપીને જનતા સરકારનો ઘડોલાડવો કરી દીધો હતો. વર્ષો પછી બીજા એક ગુજરાતી - બિન કોંગ્રેસી નેતાને આવી ઉજળી તક સાંપડી રહી છે. વકતૃત્વકળામાં વાજપેયીની સ્પર્ધા કરી શકે અને વ્યક્તિત્વમાં નહેરૂની હરિફાઈમાં ઊતરી શકે એવા નરેન્દ્ર મોદી અડસઠમા સ્વાતંત્ર્ય દિવસે દિલ્હીના લાલ કિલ્લા પરથી દેશને સંબોધન કરશે ત્યારે દુનિયાભરમાં પથારાયેલા ગુજરાતીઓની છાતી ગજ ગજ ફૂલશે. બીજી તરફ ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી ગુજરાતની જૂની રાજધાની પાટણ ખાતે ત્રિરંગો લહેરાવી ગરવી ગુર્જરનારીઓની અસ્મિતા ઉજાગર કરશે. આમ આ વખતની પસંદમી ઓગસ્ટ રાજય અને રાષ્ટ્ર - ઉભય સંદર્ભે યાદગાર બની રહેશે. પરંતુ સ્વાતંત્ર્યદિનની ભવ્ય અને ભાતીગળ ઉજવણી કરી દેવાથી પડકારો અને પ્રશ્નો પતી જતા નથી. એકવીસમી સદીના બીજા દાયકામાં વિશ્વના નકશામાં ભારતનું સ્થાન અને માન નક્કી કરવાની જવાબદારી નવી ભારત સરકારની છે એમ ગુજરાતની અસ્મિતાનો જય જયકાર કરવાનો પડકાર શ્રીમતી આનંદીબેન પટેલના શિરે આવી પડ્યો છે. ભારતની આંતરિક અને સરહદી સુરક્ષાના સંકુલ પ્રશ્ન પરત્વે કેન્દ્ર સરકાર ખાલી આશ્વાસનો કે નિવેદનો ઝીંક્યે રાખશે તો પ્રજા સાથે વચનભંગ કર્યો લેખાશે. નક્કર પગલાં ભરી પાડોશી દેશની શેહ હેઠળ ચાલતી ઘૂસણખોરી અને આતંકવાદી પ્રવૃત્તિઓ પર કાબૂ મેળવવો પડશે. એ જ રીતે નકસલવાદને નાથવો પડશે. મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન એટલી બધી અપેક્ષાઓ સરજી છે કે એ પુરી કરવાનું કામ ઘણું કષ્ટદાયી બની રહેવાનું છે. મોંઘવારી નાથવાના મુદ્દે સરકાર ખૂબ જ ચિંતિત છે. સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ જ પેટ્રોલના ભાવમાં ઘટાડો કરીને સરકારે એની શુભનિષ્ઠાનો પરિચય કરાવ્યો છે. પરંતુ ટામેટાં મોંઘાં છે એનું શું? પ્રજા તો રાજા રામનીયે નથી થઈ. એ મોદી પાસે ફક્ત પાકિસ્તાન વિરૂદ્ધ કઠોર નિવેદનની જ નહીં, કડક કાર્યવાહીની અપેક્ષા રાખે છે. રાજનાથસિંહે સંકેત આપ્યા મુજબ જો સરકાર દાઉદને પકડવામાં સફળ થશે તો પ્રજા એને ફૂલડે વધાવશે પરંતુ પૂર્વ ગૃહમંત્રી શિંદેની જેમ વર્તમાન ગૃહમંત્રીનું નિવેદન પણ વાંઝિયું પુરવાર થશે તો એ જ પ્રજા એમનો આગામી ચૂંટણીઓમાં જવાબ માગશે. ચાર રાજયોની વિધાનસભાની ચૂંટણી સાથે છે ત્યારે મોદીએ કંઈક નક્કર કામગીરી કરી બતાવવી પડશે. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તમામ સાંસદો અને અધિકારીઓને ઉપસ્થિત રહેવાનું ફરમાન જારી કરીને મોદીએ એ અત્યાર લગીના અન્ય વડાપ્રધાનો કરતાં વિશેષ રાષ્ટ્રભક્ત છે, એટલું સૂચન તો કરી જ દીધું છે. એમની પાસે ઉમદા વિચારો છે, આયોજન છે પરંતુ પ્રજાને તો પરિણામમાં રસ છે. વિરોધ પક્ષ નબળો પડી ગયો છે તેથી પોતે નિરાંતે રાજ કરી શકશે એવા ભ્રમમાં સરકાર રહી શકે એમ નથી. ખુદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એમને ડગલે ને પગલે ટોકવા લાગ્યો છે. એના વડા મોહન ભાગવત લેશ પણ દિલચોરી વગર સાચું લાગે તે મોઢા પર કહી દેવા ટેવાયેલા છે. અલબત્ત, મોદીને આવી ટોકીટોકી, નિંદા કે શિખામણ એમના સ્વભાવ મુજબ ઝટ ગળે નહીં ઊતરે, પરંતુ પિતૃસંસ્થા સામે સંઘર્ષમાં ઊતરવાનું જોખમ પણ એ નહીં ખેડી શકે. જયારે જયારે રાક્ષસી બહુમતી સાથે એકાધિકારવાદી નેતાનું શાસન આવ્યું છે ત્યારે વિપક્ષ કરતાં સત્તા પક્ષમાંથી જ વિરોધના સૂર ઊઠવાની સંભાવના વધતી રહી છે. જો કે સોનિયા ગાંધીને અધિકૃત વિપક્ષના નેતાનો દરજ્જો આપવા જેટલી ઉદારતા પણ મોદી સરકારે નથી દાખવી, પણ કોંગ્રેસ ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે, એ ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠું થઈ શકે એમ છે. લાલ કિલ્લાનો બુરજ કોઈને અભરામ નંદાને લખી દીધેલી અકસ્માત નથી, એટલું વિશ્વ વિજેતાના મૂડમાં રહેતા વડાપ્રધાને સવેળા સમજી લેવું પડશે!

### વાત મારા દેશની

આજ મારા દેશની કોઈ વાત કરવાની નથી,
આંખમાં ઉલ્લાસ છે, ભીંનાશ ભરવાની નથી.
બાળકોએ ગીતા ગાયાં છે, મઝાનાં હેતનાં,
આભલે ઉડે ગુલાબી, રેત ખરવાની નથી.
ઈંટના ચૂલે ઘડાયા રોટલા બે ચાર છો,
એક બે મરચાં મળ્યાં છે, છાશ ભળવાની નથી.
ફૂલ બાગોમાં ખીલ્યાં ને ગીત ભમરાનાં ગૂંજે,
કંટકોની ઘાત છે, ને ઘાત ટળવાની નથી.
કૂચકદમ કરતી ખુશાલી રાજમારગ જાય છે,
ડાબે હાથે હું ઊભો છું, કયાંય વળવાની નથી.
મેળો જામ્યો મોલમાં ને ભીડ જામી હોલમાં,
સાંજ પડશે પણ શહીદી, યાદ કરવાની નથી.
વાતમાં ને વાતમાં આ આંખ ભીંની થઈ છતાં,
હા... હસી લો હોઠમાં, કડવાશ ગળવાની નથી.

- રણછોડ વી. પરમાર

### સ્વાતંત્ર્ય દિન અખંડ ભારત

ભારત આઝાદ થયુ તેની ના નહીં
પણ અખંડ ન રહ્યું તેનો અફસોસ છે
વેદ-વેદાંત ને પુરાણઓના અખંડ ભારત
ના પડ્યા ભાગલા તેનો અફસોસ છે
વીર શહીદોની શહાદત આઝાદી લાવી
પણ કાફીરો ભાગ પડાવી ગયા તેનો
હર ભારતવાસીઓને અફસોસ છે એનો
દિલ અને દિમાગના તેજ કિરણોથી
જોમ અને જુસ્સાથી, સ્વાભિમાન થકી
સૌ એક થઈ ખમીર આપણું બતાવીએ
મનભેદ, મતભેદ, ભુલાવી સો એક થઈ
ગર્વભેર અખંડ ભારતને વંદન કરીએ.

- મહેન્દ્ર ચૌહાણ

# એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

## બ્લ્યૂ હાઉસનો પ્રથમ, ઓરેન્જ હાઉસનો દ્વિતીય અને ગ્રીન હાઉસનો તૃતીય નંબર

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં આજે તા. ૧૩ ઓગસ્ટ-૨૦૧૪ના રોજ ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓનો દેશભક્તિ ગીત સ્પર્ધાનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બ્લ્યૂ ગૃપ, યલોગૃપ, ગ્રીન ગૃપ, ઓરેન્જ ગૃપ અને રેડગૃપના વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિજેતાક્રમ હાંસલ કર્યો હતો. આ પ્રસંગે આર.એચ. પટેલ બી.એડ. કોલેજના પ્રો. તોમ્બા સર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૫ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત સ્પર્ધા ખૂબ જ ઉત્સાહથી યોજાઈ હતી. વિવિધ ગૃપ દ્વારા દેશભક્તિ ગીતોને સમૂહમાં યોજવામાં આવ્યા હતા. રેડ ગૃપ દ્વારા 'યે દેશ હૈ વીર જવાનો કા', યલો ગૃપ દ્વારા 'સત્ય મેવ જયતે' દેશભક્તિ ગીત, ગ્રીન ગૃપ દ્વારા 'કંધો સે કંધે મિલ જાયે' ગીત, ઓરેન્જ ગૃપ દ્વારા 'આઓ બચ્ચો તુમ્હે' ગીત અને બ્લ્યૂ ગૃપ દ્વારા 'મા તુઝે સલામ' દેશભક્તિ ગીતો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં બ્લ્યૂ ગૃપનો પ્રથમ નંબર, ઓરેન્જ ગૃપનો બીજો નંબર અને ગ્રીન ગૃપનો ત્રીજો નંબર આવ્યો હતો. દરેક ગૃપ દ્વારા દેશભક્તિ ગીત ખૂબ જ જુસ્સાથી રજૂ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પ્રેક્ષકોએ પણ તાળીઓથી દરેકને વધાવી લીધા હતા. કાર્યક્રમનું સંચાલન નિધિ મેડમે કર્યું હતું.

શાળાના આચાર્યએ ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આમંત્રિત મહેમાન શ્રી તોમ્બા સર, નિર્ણાયક તરીકે ખેવના મેડમ, સુપ્રિયા મેડમ, વિનીતા મેડમે પણ આ પ્રસંગે વિજેતા નંબર જાહેર કરી બાળકોનો જુસ્સો વધાર્યો હતો.



### સેંટ ઝેવિયર્સની ટીમે બાસ્કેટબોલમાં બાજી મારી

તાજેતરમાં જિલ્લા રમત ગમત કચેરી દ્વારા અંડર-૧૭ અને ૧૯ ગર્લ્સ બાસ્કેટ બોલ ચેમ્પિયન શીપ યોજવામાં આવી હતી. ત્યારે આ બંને સ્પર્ધામાં સેંટ ઝેવિયર્સ શાળા વિજેતા બની હતી. શાળાની વિજેતા ટીમોને પ્રિન્સિપાલ ફાધર હેકટર પિન્ટો અને વાઈસ પ્રિન્સિપાલ નોએલે અભિનંદન પાઠવ્યા છે.

### મનપાની સ્પર્ધામાં આર.જી. વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા. ૧૪

મહાનગરપાલિકા ગાંધીનગર દ્વારા તાજેતરમાં શાળાઓના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં મોટી સંખ્યામાં નગરની શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની રાજવી એમ. શાહે તૃતીય નંબર મેળવ્યો છે. તેમજ લેખન સ્પર્ધામાં કોમલ એમ. પરમારે બીજો નંબર મેળવ્યો છે. વિદ્યાર્થીનીઓને ઈનામમાં પ્રમાણપત્ર, પેન ડ્રાઈવ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

### સ્ત્રી સશક્તિકરણ પર નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

સ્વર્ણિમ ગુજરાતના ભાગરૂપે શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં જ્ઞાનધારા અંતર્ગત 'સ્ત્રી સશક્તિકરણ' વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં કોલેજની સાત વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં રશ્મિ પંડ્યા, દિવ્યા પ્રજાપતિ, રિદ્ધિ મકવાણા અને દિના મેસરિયા પ્રથમ ત્રણ નંબરે રહ્યા હતા. ભાગ લીધેલ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. તારાબેન દેસાઈ અને નિર્ણાયક તરીકે ડૉ. મીનાબેન વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

### બાલવા હાઈસ્કૂલનો રસ્સા ખેંચમાં વિજય

બાલવા, તા. ૧૪

ગાંધીનગર ગ્રામ્ય જિલ્લાકક્ષાની રસ્સાખેંચની સ્પર્ધા બાલવા મુકામ યોજાઈ. જેમાં શ્રી સ્વામીનારાયણ હાઈસ્કૂલ બાલવાના વિદ્યાર્થીઓએ અંડર-૧૯ ગ્રુપમાં વિજેતા થયા. અન્ડર-૧૯માં બહેનો પ્રથમ ક્રમે ચૌધરી વિરલ, ચૌધરી નિલમ, ચૌધરી મૈત્રી, ચૌધરી પિન્કી, ચૌધરી શિતલ, ચૌધરી નિશા, ચૌધરી અંજલી, ચૌધરી શિવાની, ચૌધરી સૃષ્ટિ. અન્ડર-૧૯માં ભાઈઓ દ્વિતીયક્રમે ચૌધરી મૌલિક, ચૌધરી સાહિલ, ચૌધરી અવિનાશ, ચૌધરી સાવન, પ્રજાપતિ જયદીપ, રબારી નાગેશ, વાઘેલા જયમીન, ઠાકોર સંજય, ચૌધરી અક્ષય આમ ૯ ખેલાડીઓએ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે.

વ્યાયામ શિક્ષકશ્રી શૈલેષકુમાર પટેલ દ્વારા માર્ગદર્શન મળ્યું હતું. આચાર્યશ્રી અર્જુનસિંહજીએ તથા શાળાના પ્રમુખશ્રી અને ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

### પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સે. ૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજના રસાયણ શાસ્ત્રના પ્રાધ્યાપક ઉમેશ પોપટભાઈ તરપદાને પોલીમર સપોર્ટેડ સલ્ફાનીલીક એસીડ ગ્રીન વીષમાંગ ઉદ્દીપક દ્વારા હીટ્રોસાયકલનું સંસ્લેષણ વિષય પર કરેલ સંશોધનને માન્ય રાખીને એસ.પી. યુનિવર્સિટી દ્વારા રસાયણશાસ્ત્રમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરાઈછે.

ઉમેશ તરપદાએ વિદ્યાનગરના રસાયણ વિભાગના ડૉ. ડી.કે. રાવલના માર્ગદર્શન હેઠળ આ સંશોધન કર્યું હતું. ઉમેશ તરપદાને કોલેજના આચાર્ય સહિત કર્મચારીગણે શુભેચ્છાઓ પાઠવી છે.

### વિદેશમાં મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થી માટે ફ્રી માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગર, તા.૧૪

જે વાલીઓ પોતાના પુત્ર કે પુત્રીને વિદેશમાં મેડિકલ/ડેન્ટલ ક્ષેત્રે અભ્યાસ કરાવવા ઈચ્છતા હોય તેમના માટે ફ્રી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં ડૉ. નરેશ પટેલ દ્વારા આજે સવારે ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦ દરમિયાન હોટલ હવેલી સેકટર-૧૧ માં માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનારનો મોટી સંખ્યામાં લાભ લેવા જણાવાયું છે.

### સરસ્વતી શિશુવાટિકામાં પૌષ્ટિક આહાર અંગે વાલી બેઠક યોજાઈ

શ્રી સરસ્વતી શિશુ વાટિકા તથા પ્રાથમિક વિદ્યાલય સેક્ટર-૨૨ માં વાલી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલીબેઠકમાં શ્રી હેમેન્દ્રભાઈ, ટ્રસ્ટીશ્રી કૌશિકભાઈ પટેલ, મંત્રીશ્રી વિદ્યાબેન પસારી, સહમંત્રી શ્રી હર્ષદભાઈ પટેલ, વ્યવસ્થાપક તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગતવિધિ શ્રી પ્રિયંકાબેન પટેલે કરી હતી. વાલી બેઠકનો મુખ્ય હેતુ આહાર-વિહારનો હતો. આયુર્વેદિક ડી. વૈદ્ય, દિનેશભાઈ પંડ્યાએ વક્તવ્ય આપ્યું હતું. વાલીઓને જીવનમાં ઉપયોગી એવો કાર્યક્રમ યોજાયો હતો. પ્રધાનાચાર્ય શ્રીમતી સવિતાબેન રાવલે શૈક્ષણિક બાબતોની ચર્ચા કરી હતી. શ્રીમતી ભૂમિકાબેન સુતરિયાએ આભાર વ્યક્ત કર્યો હતો. શ્રીમતી જસ્મીનબેન હિરપરાએ સંચાલન કર્યું હતું.

### પીએચ.ડી. પદવી મેળવી

સેક્ટર-૧૫, સરકારી વિજ્ઞાન કોલેજના પ્રાધ્યાપક રાજેશભાઈ એન. મારુએ 'એન ઈથનો બોટાનીકલ સ્ટડી ઓફ ઝાલોદ તાલુકા, દાહોદ ડિસ્ટ્રીક ગુજરાત ઈન્ડિયા' વિષય પર ડૉ. રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ સંશોધન કર્યું છે. જે સંશોધન જે.જે. યુનિવર્સિટી, જુનજુનૂ (રાજ) માન્ય રાખતા પીએચ.ડી. પદવી એનાયત કરી છે.

## બી.પી. કોલેજ દ્વારા બે દિવસની વૃક્ષયાત્રાનો પ્રારંભ કરાયો

### પહેલા દિવસે આ વૃક્ષ યાત્રામાં ૩૦૦૦૦ છોડનું વિતરણ કરાયું : આજે સે-૧૬ થી ૩૦માં યાત્રા ફરીને વધુ છોડનું વિતરણ કરશે : યાત્રાના આયોજનમાં વન વિભાગ અને વનશ્રી નેચર કલબનો સહયોગ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના ૧૫૦ વિદ્યાર્થીઓ દ્વારા આજે સાંજે સૂર્યાસ્ત બાદ બે દિવસીય વૃક્ષયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ વૃક્ષ યાત્રામાં વન વિભાગના કર્મચારીઓ તેમજ વનશ્રી નેચર કલબના સ્વયંસેવકો દ્વારા છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષયાત્રાને વન વિભાગના એ.સી.એફ. બી.આર. પાંડવ દ્વારા લીલી ઝંડી બતાવવામાં આવી હતી.

આ વૃક્ષયાત્રાના પ્રથમ દિવસે આ યાત્રા સેકટર- ૧ થી ૧૫માં ફરી હતી અને કુલ ૩૦૦૦૦ છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ યાત્રા બીજા દિવસે સેકટર-૧૬ થી ૩૦માં ફરશે અને વધુ ૩૦૦૦૦ છોડનું વિતરણ કરવાનું લક્ષ્ય ધરાવે છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વન વિભાગના આરએફઓ ભરત સોલંકી અને એલ.જે. દેસાઈ તેમજ કોલેજના પ્રાધ્યાપિકા માર્ગી દેસાઈ અને વનશ્રી નેચર કલબના અંજના નિમાવત સંભાળી રહ્યા છે. આ યાત્રાને ગાંધીનગરના નગરજનો દ્વારા ખૂબ ઉમળકાભર્યો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

## સતલાસણા કોલેજ ખાતે ડૉ. કેશુભાઈ દેસાઈનું હૃદયસ્પર્શી વ્યાખ્યાન

સતલાસણા, તા.૧૪

જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ તા. ૧૩ ઓગસ્ટના રોજ સતલાસણા (જિ. મહેસાણા) ખાતે 'ચાળીસ વર્ષ પૂર્વેનું સતલાસણા' એ વિષય પર હૃદયસ્પર્શી વ્યાખ્યાન આપી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને નગરજનોને રસમગ્ન કરી દીધા હતા. ડૉ. કેશુભાઈ દેસાઈએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા ખાતે એમ.બી.બી.એસ.ની ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી અંતરિયાળ ગવાડા વિસ્તારના આ ગામમાં 'અરવલ્લી કિલનિક' નામે ખાનગી દવાખાનું શરૂ કર્યું હતું. આ પંથકમાં માંડ દોઢ પોણા બે વરસ રહેલા યુવાન ડોકટરને સતલાસણાએ જે સૌથી મોંઘેરી ભેટ આપી હતી તે 'શબ્દ'ના સથવારે તબીબી ક્ષેત્રમાંથી સાહિત્યક્ષેત્રે હરણફાળ ભરનાર ડૉ. કેશુભાઈ દેસાઈને આ પંથકની માટીની માયા છાસઠ વર્ષની વયે પણ છૂટી નથી. લેકખનાં અનેક પુસ્તકોમાં વિશેષ પણે વાર્તાઓમાં સતલાસણા ડોકાતું રહ્યું છે. લેખકની નવલકથા મેડમનું કથાનક સતલાસણા ખાતે ગાળેલા એમના જીવન પર આધારિત છે 'મેડમ'નો હિંદી અનુવાદ હિંદ પોકેટ બુકસ જેવા સુપ્રસિદ્ધ પ્રકાશનગૃહ દ્વારા થયેલ છે અને તે આંતરરાષ્ટ્રીય બેસ્ટ સેલર બન્યો હતો.

લેખકે એમનાં અંતરંગ સંસ્મરણો વાગોળી સતલાસણાનું પોતાના ઉપર કયારેય ન ચૂકવી શકાય એવું ઋણ હોવાનો એકરાર કર્યો હતો. વ્યાખ્યાનનું આયોજન કોલેજના ગુજરાતી વિભાગ તરફથી થયું હતું. કોલેજના આચાર્ય ડૉ. જયેશ બારોટે ડૉ. કેશુભાઈ દેસાઈનો પરિચય કરાવ્યો હતો અને અધ્યક્ષસ્થાન ગઢવાડા કેળવણી મંડળના પ્રમુખશ્રી બચુભાઈ શાહે સંભાળ્યું હતું.

### હરિની દૃષ્ટિ...




હું એટલું જ કહીશ, બાપુજી એ આઝાદી અપાવી, પેલા લોકો એ વટાવી હવે, આપણે તેને ટકાવવાની છે... !!

### સરસ્વતી શિશુવાટિકા સેક્ટર-૨૨નો જન્મદિન યજ્ઞ કરીને ઉજવ્યો

ગાંધીનગર સેક્ટર-૨૨માંઆવેલ વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી સરસ્વતી શિશુ વાટિકા તેમજ પ્રાથમિક વિદ્યાલયમાં તા. ૯મી ઓગસ્ટના રોજ જન્મદિન મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાલયના સહમંત્રી શ્રી વિદ્યાબેન પસારી તથા માનનીયશ્રી હેમન્દ્રભાઈ દવે ટ્રસ્ટી ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય સંસ્કૃતિ મુજબ યજ્ઞ કરીને જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ધૂનથી કરવામાંઆવી હતી. વિદ્યાબેન પસારીના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. જે બાળકોના જન્મદિવસ હતા તે બાળકો યજ્ઞમાં બેઠા હતા. શ્રીમતી ભાવનાબેન રાઠોડે યજ્ઞની શુભ શરૂઆત કરી ગાયત્રીમંત્રનું ૧૧ વખત ઉચ્ચારણ કરાવ્યુંહતું. વૃક્ષારોપણનો સંકલ્પ કરાવ્યો હતો. રેવા તરૂણભાઈ ઠક્કર તરફથી પુનરૂત્થાન પ્રકાશનના ૧૦૦ પુસ્તકો વિદ્યાલયને ભેટમાં મળેલ હતા. પ્રધાનાચાર્ય સવિતાબેન રાવલ તરફથી યજ્ઞકુંડ ભેટ મળેલ છે. સંચાલન શ્રીમતી વર્ષાબેન બિહોલાએ કર્યું હતું.

### પીએચ.ડી. થયા

ગાંધીનગરની સે-૧૫માંઆવેલ સરકારી વિજ્ઞાન કોલેજના રસાયણ વિભાગના પ્રાધ્યાપક યોગેશકુમાર શાંતિલાલ પટેલને પાયરોજોલીટીક એન્હાઈડ્રાઈડમાંથી મેળવેલ પોલીમરના અભ્યાસ વિષય પર કરેલ સંશોધનને માન્ય રાખી એસ.પી. યુનિવર્સિટી દ્વારા રસાયણ શાસ્ત્રમાં પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે. યોગેશકુમાર પટેલે આ સંશોધન વિદ્યાનગરના રસાયણ શાસ્ત્ર વિભાગના ડૉ. એચ.એસ. પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું હતું અને તેમને કોલેજના આચાર્ય સહિત કર્મચારીગણે શુભેચ્છાઓ પાઠવી છે.



### જ્ઞાનકુંભ - દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીના પરિણામો કઈ તારીખે જાહેર કરવામાં આવ્યા હતા ?
➜ **૧૬મી મે**

૨. ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી એ કુલ કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૨૮૨**

૩. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (એમ) એ કેટલી બેઠકો જીતી હતી ?
➜ **નવ (૯)**

૪. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ (કોંગ્રેસ)એ કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૪૪**

૫. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં નેશનાલીસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી) એ કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૬**

૬. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૪**

૭. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં **AIADMK** પાર્ટીએ કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૩૭**

૮. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં **AINR** કોંગ્રેસએ કેટલી બેઠક જીતી હતી ?
➜ **૧ (એક બેઠક)**

૯. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસે કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૩૪**

૧૦. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટએ કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૩**

૧૧. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં બીજુ જનતા દળે કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૨૦**

૧૨. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઈન્ડિયન નેશનલ લોકદળે કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૨**

૧૩. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઈન્ડિયન મુસ્લિમ લીગે કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૨**

૧૪. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં જે એન્ડ કે પીપલ ડમોક્રેટિક ફ્રન્ટે કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૩**

૧૫. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં જનતા દળ (સેક્યુલર) એ કેટલી બેઠકો જીતી હતી ?
➜ **૨**

૧૬. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં જનતા દળ (યુનાઈટેડ) એ કેટલી બેઠક જીતી હતી ?
➜ **૨**

૧૭. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઝારખંડ મુક્તિ મોરચા એ કેટલી બેઠક જીતી હતી ?
➜ **૨**

૧૮. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં કેરાલા કોંગ્રેસ (એમ)એ કેટલી બેઠક જીતી હતી ?
➜ **૧**

૧૯. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં લોકજન શક્તિ પાર્ટી એ કેટલી બેઠક જીતી હતી ?
➜ **૬**

૨૦. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં નાગા પીપલ્સ ફ્રન્ટે કેટલી બેઠક જીતી હતી ?
➜ **૧**